BHADA

# ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ

'ભાડા ભવન', વાણિજ્ય સંકુલ-બી, રાવલવાડી રીલોકેશન સાઈટ, એરપોર્ટ રીંગ રોડ, ભુજ-કચ્છ ૩૭૦ ૦૦૧

ફોન નં.:(૦૨૮૩૨) ૨૨૧૭૩૪, ફેક્સ: ૨૨૩૮૯૯ ઈ-મેઈલ : bhujadabhuj@gmail.com, pro-bhada-bhuj@gujarat.gov.in

અધિસુચન

## મુસદ્દારૂપ નગર રચના યોજના ભુજ નંબર-૪ (પ્રથમ ફેરફાર)

ના ઈરાદાની જાહેર પ્રસિધ્ધિ બાબત

સરકારશ્રી દ્વારા ગુજરાત નગર રચના એન શહેરી વિકાસ અધિનિયમ, 1976 (જેનો હવે "અધિનિયમ" તરીકે ઉલ્લેખ કરેલ છે) ની કલમ-65 તળે તા.૧૨/૧૦/૨૦૦૬ વાળા જાહેરનામાંથી અંતિમ નગર રચના યોજના ભુજ નં-4 (જેને હવે "સદર યોજના" તરીકે ઉલ્લેખ કરેલ છે.) મંજૂર કરી તા. ૧૩/૧૧/૨૦૦૬ થી અમલમાં મૂકવામાં આવેલ. ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળની તા.૧૭/૦૮/૨૦૨૧ની ૩૭મી બોર્ડ બેઠકના ઠરાવ નં. ૩૦.૪થી અંતિમ નગર રચના યોજના ભુજ નં-4 યોજનામાં ફેરફાર કરવા અને અધિનિયમની કલમ-૪૧ તળે મુખ્ય નગર નિયોજક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો પરામર્શ મેળવવા માટે ઠરાવવામાં આવેલ. મુખ્ય નગર નિયોજક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના ભુજ નંબર-૪(પ્રથમ ફેરફાર) તૈયાર કરવા કલમ-૪૧(૧) તળે હકારાત્મક પરામર્શ આપવામાં આવેલ. અધિનિયમ ની કલમ-૭ ની પેટાકલમ-૧(૨) થી મળેલ સત્તાની રૂએ અને ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળની બોર્ડ બેઠક નં. ૩૯ ના ઠરાવ નં. ૩૦ તા. ૨૮/૦૨/૨૦૨૩ થી મળેલ સત્તાની રૂએ સબંધિત નકશા-૧ માં ગુલાબી ઘેરી રંગની રેખાથી દર્શાવેલ વિસ્તાર માટે મુસદ્દારૂપ નગર રચના યોજના ભુજ નં.૪(પ્રથમ ફેરફાર) (કે જેને હવે "મુસદ્દારૂપ નગર રચના યોજના" તરીકે ઓળખવામાં આવે છે) માટે અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ ઈરાદો જાહેર કરવા માટે ઠરાવવામાં આવેલ છે. જેથી, ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ નિયમો,૧૯૭૯ ના નિયમ-૧૬ અને અધિનિયમ ની કલમ-૪૧(૨) તળે મુસદ્દારૂપ નગર રચના યોજના ઈરાદો જાહેર કરવામાં આવે છે અને અધિનિયમની કલમ-૪૧(૩) તળે મુસદ્દારૂપ નગર રચના યોજનાનો વિસ્તાર દર્શાવતો નકશો જાહેર જનતા તથા હીત સબંધ ધરાવતી વ્યક્તિઓ માટે "ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ" ની ઉપરોક્ત સરનામે આવેલ કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન જોવા માટે ખુલ્લો રાખેલ છે. **ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળની બોર્ડ બેઠકના ઠરાવ અને મુસદ્દારૂપ નગર રચના યોજનામાં સમાવિષ્ટ આખરી નગર રચના યોજના ભુજ નં.૪ ના અંતિમખંડના નંબરોની યાદીની વિગતો નીચે મુજબ છે.**

<u>ઠરાવ નં.૩૦ (તા.૨૮/૦૨/૨૦૨૩ની ૩૯મી બોર્ડ બેઠક)</u>

"મુસદ્દારૂપ નગર રચના યોજના ભુજ નંબર-૪ (પ્રથમ ફેરફાર)ના વિસ્તારના સંબંધમાં આવી યોજના ઘડવા સત્તામંડળનો ઇરાદો અધિનિયમની કલમ-૪૧(૧) તળે જાહેર કરવા અને અધિનિયમની કલમ-૪૮ તળે મુસદ્દારૂપ નગર રચના યોજના ભુજ નંબર-૪ (પ્રથમ ફેરફાર) સરકારશ્રી કક્ષાએ મંજૂરી અર્થે સાદર કરવા સુધીની તમામ કાર્યવાહી મુખ્ય કારોબારી અધિકારી કક્ષાએથી કરવા સારું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે."

<u>યાદી</u>

<table>
<tr><td colspan="2"><u>વિસ્તાર-૧:</u> ૧૩૬૪, ૧૩૪૩, ૧૩૪૨, ૧૩૪૧/3, ૧૩૪૧/૧, ૧૩૩૫, ૧૩૩૪, ૧૩૩૩, ૧૩૩૨, ૧૩૩૧, ૧૧૭૫ (SFR), ૧૨૮૮ (MARKET), ૧૨૯૮,૧૨૯૩</td></tr>
<tr><td><u>વિસ્તાર-૨:</u> ૧૨૪૨</td><td><u>વિસ્તાર-3:</u> ૫૪૧</td></tr>
</table>

સદરહુ યોજનાની ચતુર્દીશા નીચે મુજબ છે.

<u>વિસ્તાર-૧ ની ચતુર્દીશા:</u>

| | |
|---|---|
| <u>ઉત્તરે:</u> ૬ મીટર પહોળો ટી.પી.રસ્તો, અંતિમખંડ ૧૩૬૩, ૧૩૬૨, ૧૩૬૧, ૧૩૫૯, ૧૩૫૭, ૧૩૫૬, ૧૩૫૪, ૧૩૪૬, ૧૪03, ૧૩૪૫, ૧૩૪૪, 3 મીટર પહોળો ટી.પી.રસ્તો, ૧૩૩૯, ૧૩૩૬, ૪.૫ મીટર પહોળો ટી.પી.રસ્તો, ૧૩૩૦ | <u>દક્ષિણે:</u> ટી.પી.રસ્તો રાખી અંતિમખંડ-૧૨૯૭,૧૨૯૬,૧૨૯૫,૧૨૯૪, ટી.પી.રસ્તો,૧૨૯૨ |

| | |
|---|---|
| <u>પૂર્વે:</u> અંતિમખંડ-૧૩૨૭, ૧૩૨૨, ટી.પી.રસ્તો, ૧૨૮૯, ૬૬૮+૧૧૧૫/૧ | <u>પશ્ચિમે:</u> આખરી નગર રચના યોજના ભુજ નંબર-૨ ની હદ |

<u>વિસ્તાર-૨ ની ચતુર્દીશા:</u>

| | |
|---|---|
| <u>ઉત્તરે:</u> ટી.પી.રસ્તો, અંતિમખંડ-૧૨૪૭, ટી.પી.રસ્તો, ૧૨૪૩, ૧૨૪૪, ૧૨૪૫, ૧૨૪૬, ૧૨૫૨/૨, ૩ મીટર પહોળો ટી.પી.રસ્તો | <u>દક્ષિણે:</u> ૪.૫ મીટર પહોળો ટી.પી.રસ્તો,અંતિમખંડ-૧૨૦૬ |
| <u>પૂર્વે:</u> અંતિમખંડ-૧૧૮૪, ૧૧૮૫, ૧૧૮૬/૧, ૧૧૮૯, ૧૧૯૦, ૧૧૯૧, ૧૧૯૨ | <u>પશ્ચિમે:</u> ટી.પી.રસ્તો,અંતિમખંડ-૧૨૨૬, ૧૨૨૮, ૧૨૩૧, ૧૨૩૨, ૧૨૩૪, ૧૨૩૫, ૧૨૩૭+૧૨૩૬, ૧૨૩૮ |

<u>વિસ્તાર-૩ ની ચતુર્દીશા:</u>

| | |
|---|---|
| <u>ઉત્તરે:</u> ૧૨.૦૦ મીટર પહોળો ટી.પી.રસ્તો | <u>દક્ષિણે:</u> અંતિમખંડ-૫૩૭,૫૪૪ |
| <u>પૂર્વે:</u> અંતિમખંડ-૫૪૨ | <u>પશ્ચિમે:</u> અંતિમખંડ-૫૪૦ |

તા. ૦૪-૦૩-૨૦૨૩

સ્થળ: ભુજ-કચ્છ

(અતિરાગ ચપલોત IAS)
મુખ્ય કારોબારી અધિકારી
ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ
ભુજ-કચ્છ

નોધ:સદરહુ અધિસુચન સરકારશ્રીના તા૧૭/૦૩/2023ના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ પાર્ટ-IIના પાના નં.૧૦૮ થી ૧૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ છે.